# સાબરકાંઠામાં શિયાળો જામ્યો : ઠંડી વધી

હિંમતનગર, તા. ૧૭
સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી ઠંડીનો ચમકારો શરૂ થઈ ગયો છે. તેથી દિવસે અને રાત્રે ઠંડીનો અનુભવ શરૂ થઈ જતા લોકોએ ગરમ વસ્ત્રો ધારણ કરવાનું ચાલુ કરી દીધુ છે. ત્રણ દિવસથી તાપમાનો પારો નીચો આવી રહ્યો છે. તથા ઉત્તર-પૂર્વનો પવન શરૂ થતા આગામી દિવસોમાં ઠંડીનું પ્રમાણ વધવાની શક્યતા નકારી શકાતી નથી. હવે પડી રહેલી ઠંડીને લીધે ખાસ કરીને ઘઉંના પાકને ફાયદો થશે.

અત્યારે સાબરકાંઠા જિલ્લામાં દિવસે દસ કિમીની ઝડપે પવન ફુંકાઈ રહ્યો હોવાને કારણે સોમવારે સવારે તેનો વિશેષ અનુભવ થયો હતો. દરમ્યાન કેટલાક અશક્ત અને નાના બાળકોને ઠંડીને લીધે રોગપ્રતિકારક શક્તિ ઓછી હોવાને કારણે આવા લોકોના હાથ-પગની આંગળીઓ ઠંડીને લીધે કામ કરતી ન હોય તેવો અહેસાસ થયો હતો.

દરમ્યાન સાબરકાંઠા જિલ્લામાં સોમવારે તાપમાનનો પારો ૧૪ ડિગ્રીથી ઓછો રહેતા ઠંડીને કારણે જિલ્લાના મોટાભાગના સ્થળે શીત લહેર ફરી વળી હતી. ઠંડીથી રક્ષણ મેળવવા માટે લોકોએ ગરમ વસ્ત્રો પહેરવાનું શરૂ કરી દીધુ છે. તો બીજી તરફ હિંમતનગર સહીત જિલ્લાના અન્ય સ્થળે ગરમ વસ્ત્રોનું વેચાણ કરતા વેપારીઓને ધંધામાં તેજી આવી ગઈ છે. શિયાળામાં ખાસ કરીને આરોગ્યવર્ધક ગણાતુ કચરીયુ, સાલમપાક, ગુંદર અને મેથીના લાડુ આરોગવાનુ લોકોએ શરૂ કરી દીધુ છે.

આ ઉપરાંત શાકભાજી બજારમાં પણ ગાજર, વટાણા, મૂળા, મોગરી સહીતની અન્ય શાકભાજીની આવક વધી રહી છે. આર્યુવેદની દષ્ટિએ શિયાળાની ઋતુ તંદુરસ્તી માટે ખુબજ ઉપયોગી હોવાને કારણે લોકો તમામ શાકભાજી બાફીને તેને મરી-મસાલા સાથે ઉંધિયા સ્વરૂપે આરોગે છે. સાથોસાથ ખટ્ટામીઠા બોરનું પણ બજારમાં આગમન થઈ ગયું છે.



## ડીસામાં તાપમાનનો પારો ૯.૮ ડીગ્રીએ

ઉત્તર ભારતીય વિસ્તારોમાં થઈ રહેલ હિમ વર્ષાના પગલે બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાત પણ ઠંડીમાં ઠુઠવાઈ રહયુ છે. તેમાંય ડીસા પંથકમાં તો ઠંડી અને ગરમી રેકોર્ડ બ્રેક પડે છે સમગ્ર રાજ્યમાં સૌથી વધુ ગરમી અને ઠંડી ડીસામાં નોંધાય છે જેના પગલે ચાલુ સિઝનમાં ડીસામાં મોડેથી બેઠેલા શિયાળાએ અસલ મિજાજ દાખવતાં હાડ ધ્રુજવતી ઠંડી પડી રહી છે છેલ્લા એકાદ અઠવાડિયાથી ધીમે ધીમે ઠંડીનો પારો ઉત્તરોતર નીચે ગગડી રહ્યો છે સોમવારે પારો ૧૦ ડીગ્રીએ રહ્યા બાદ મંગળવારે પારો ગગડીને ૯.૮ ડીગ્રીએ પહોંચી જતા તેની વ્યાપક અસર જનજીવનને થવા પામી હતી લોકોને સવારથી ગરમ સ્વેટર પહેરી રાખવાની નોબત આવી છે. તેમજ સાંજે તાપણું સળગાવી ઠંડીથી રાહત મેળવવા પ્રયાસ કરી રહ્યા છે ઠંડીના કારણે સાંજના સુમારે બજારો સુમસામ બની જાય છે કાતિલ ઠંડીના કારણે લોકો સાંજથી ઘરની બહાર નીકળવાનું પણ ટાળી રહ્યા છે તેમછતાં હવામાન વિભાગ દ્વારા હજુ આગામી દિવસો માં ઠંડીનું જોર વધવાની શકયતા વ્યક્ત કરાઇ છે જો કે કમોસમી વરસાદ બાદ હવે ઠંડીનું જોર વધતા ખેડૂતોને પાકોમાં થયેલ નુકશાન સરભર થવાની આશા બંધાઈ છે.

# 'સ્વચ્છ ભારત-સ્વચ્છ મોડાસા' સૂત્રની પોલ ખુલી

## નવજીવન ચોક સામે જાહેર શૌચાલય ગંદકીથી ખદબદતું શરમજનક દ્રશ્ય

મોડાસા, તા. ૧૭
મોડાસા શહેરમાં હાર્દસમા ચારરસ્તા અને નવજીવન ચોક નજીક આવેલ જાહેર શૌચાલય પર મોડાસા નગરપાલિકા દ્વારા "મારૂ મોડાસા સ્વચ્છ મોડાસા" અને ગાંધીજીની આકૃતિ સાથે મોડાસા નગરપાલિકા આપનું હાર્દિક સ્વાગત કરે છે નું ચિત્રામણ તો કરી દીધું છે પરંતુ આ શૌચાલયની બહાર ઉભરાતી શૌચાલયના ગંદા પાણી અને ગંદકી નગરપાલિકા તંત્રના સ્વચ્છતા અભિયાનનો છેદ ઉડાડી દીધો છે.

પાંચમી જૂને પર્યાવરણની જાળવણી અને સ્વચ્છતાના સૂત્રો જોરશોરથી ગૂંજવા માંડે છે. સ્વચ્છતા અભિયાનમાં જનજાગૃતિ માટે તોતિંગ ખર્ચ કરીને કે પ્રસંગોપાત હાથમાં ઝાડુ લઈને મહાનુભાવો ફરજ પૂરી કર્યાનો સંતોષ માને છે. શૈક્ષણિક અને સેવાકીય સંસ્થાઓ પણ ફોટો શેસન સ્વચ્છતા અભિયાનમાં જોડાઈ




સ્વચ્છતા અભિયાનના નામે ચાલતા નાટકમાં નગરપાલિકાને સહયોગ આપતી હોય છે. શહેરના અગ્રણીઓ અને સેવાકીય સંસ્થાઓ પણ શહેરમાં ખદબદતી ગંદકી સામે અવાજ ઉઠાવવામાં નિષ્ફળ લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. મોડાસા શહેરના હાર્દસમા નવજીવન ચોક નજીક સામે સાર્વજનિક શૌચાલય સ્વચ્છતાના અભાવે ગંદકીથી ખદબદતા માથું ફાડી નાખે એવી દુર્ગંધથી આજુબાજુના દુકાનદારો રાહદારીઓ તોબા પોકારી ઉઠ્યા છે.

સ્વચ્છતા અભિયાન માટે જોરશોરથી પ્રચાર કરતી નગરપાલિકા શું આવા દશ્યોથી અજાણ છે ? નગરપાલિકાના સભ્યો તથા નેતાઓ દ્વારા સોશિયલ મીડિયા તથા અખબારોમાં કરવામાં આવતા પ્રચારનો પરપોટો શહેરના હાર્દસમા નવજીવન ચોકની સામે અને શહેરના મુખ્યમાર્ગ પર આવેલ શૌચાલય ફોડી નાખ્યો છે. શૌચાલયનું પાણી બહાર રેલાતા રોડ પરથી પસાર થતા રાહદારીઓ ગંદકીમાંથી પસાર થવા મજબુર બનવું પડે છે.

મોડાસા નગરપાલિકા સેનેટરી વિભાગ ફક્ત ને ફક્ત ગંદકી દૂર કરવા અને શહેરને સ્વચ્છ રાખવાની ગુલબાંગો હાંકી રહ્યું છે. મોડાસા શહેરમાં ગંદકીના ઢગલા અને ગટરમાંથી ઉભરાતી ગંદકી અંગે બેદરકાર જણાઈ રહ્યું છે. શહેરના હાર્દસમા સુલભ શૌચાલયની આવી બદતર હાલત હોય તો શહેરના વિસ્તારોમાં તો વિચારવું જ રહ્યું.!!



## ખેડબ્રહ્મામાં અંર્બુદા માતાજીનો પાટોત્સવ ઉજવાયો

ખેડબ્રહ્મા ખાતે અર્બુદા સેવા સમિતિ ધ્વારા આયોજિત ગોમિતિવાડ બ્રહ્મ સમાજના કુળદેવી અર્બુદા માતાજી મંદિરનો ૧૦મો પાટોત્સવ સોમવારના રોજ મંદિર પરિસરમાં યોજાયો હતો. આ પાટોત્સવ નિમિતે ૩૧ કુંડી નવચંડીનું આયોજન કરવાંમાં આવ્યું હતું. જેમાં યગ્નના મુખ્ય યજમાન તરીકે ડો. નિરવકુમાર ત્રિવેદી તથા હરીશભાઈ ત્રિવેદી, સંધ્યાબેન ત્રિવેદી, અનિલભાઈ જાની સહિત ૩૧ જોડાઓએ પુજા વિધિનો ધર્મલાભ લીધો હતો. પાટોત્સવ બાદ મહા પ્રસાદનું આયોજન કરવાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના દાતાઓએ આવનાર ૫ વર્ષ માટે પાટોત્સવનું દાન આપ્યું હતું. સમગ્ર પાટોત્સવનું આયોજન સંસ્થાના ઉપપ્રમુખ વિશાલભાઈ જાની, ધર્મેન્દ્રભાઈ ત્રિવેદી, શરદભાઈ ત્રિવેદી, શિરીશભાઈ ત્રિવેદી સહિત સંસ્થાના ટ્રસ્ટીઓ અને કાર્યકરો સહિત સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લીમાં પ્રથમવાર મોડાસાની પ્રાર્થના સ્કૂલના બાળકોની હવામાં ઉડાન

## સ્કૂલના બાળકોને નિઃશુલ્ક પેરાસેલીંગની ઉડાન ભરાવવામાં આવી

મોડાસા, તા. ૧૭
મોડાસા શહેરની અગ્રગણ્ય પ્રાર્થના સ્કૂલમાં વિવિધ આયોજનો થકી વિદ્યાર્થીઓને અભ્યાસ સાથે તેઓના કૌશલ્યને આગળ લાવવા





પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. અગાઉ બોર્ડમાં સીબીએસઈ તેમજ ગુજરાત બોર્ડના ઉચ્ચ પરિણામો પ્રાપ્ત કર્યા બાદ રમત ગમત ક્ષેત્રે અને અન્ય એક્ટીવીટી થકી વિદ્યાર્થીઓમાં અભ્યાસ અને શારિરીક સ્વસ્થ થવા માટેના આયોજનો હાથ ધરાય છે. ત્યારે અરવલ્લીમાં સૌ પ્રથમ વખત કોઈ સ્કૂલે પોતાના વિદ્યાર્થીઓને પેરાસેલીંગની મદદથી હવામાં ઉડવાનો મોકો પુરો પાડ્યો હતો. સ્કૂલના વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક પેરાસેલીંગ યોજાતાં વિદ્યાર્થીઓમાં અનેરો રોમાંચ જોવા મળ્યો હતો.

મોડાસાની પ્રાર્થના સ્કૂલ દિવસેને દિવસે ઉચ્ચ સોપાનો સર કરી રહી છે. ગત વર્ષના સીબીએસઈ અને ગુજરાત બોર્ડના પરિણામોમાં અગ્રેસર રહી હતી. સાથે વિદ્યાર્થીઓના કૌશલ્યો પણ બહાર આવે અને શારિરીક કસરતો પણ મળી રહે તે માટે રમતગમત ક્ષેત્રે પણ કોમ્પીટીશનોમાં ઉચ્ચ પદ પ્રાપ્ત કરી રહી છે.

સાથે વિદ્યાર્થીઓનો ડર દુર થાય અને રોમાંચ અનુભવે તેવો પ્રયોગ કરવામાં આવ્યો હતો. પ્રાર્થના સ્કૂલ જેસલમેર પ્રવાસમાં ગઈ હતી તે સમયે જે વિદ્યાર્થીઓ પ્રવાસમાં ગયા તેઓએ ત્યાં પેરાસેલીંગ કરી હવામાં ઉડવાની મજા માણી હતી. ત્યારે સંસ્થાના ડિરેક્ટર મંથન રાજગુરુ અને ટ્રસ્ટી નટુભાઈ પટેલને વિચાર આવ્યો હતો કે જે વિદ્યાર્થીઓ પ્રવાસમાં નથી આવ્યા તેઓને પણ પેરાસેલીંગ દ્વારા હવામાં ઉડાડવાની મજા અપાવવી જોઈએ જેના પગલે પ્રાર્થનાના વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક પેરાસેલીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાના પટાંગણ તેમજ એન્જીનિયરીંગ કોલેજના હેલીપેડની જગ્યાએ વિદ્યાર્થીઓને પેરાસેલીંગ કરાવી હવામાં ઉડાન ભરવાનો મોકો આપવામાં આવતાં વિદ્યાર્થીઓમાં અનેરો રોમાંચ જોવા મળી રહ્યો હતો. પેરાસેલીંગની ઉડાન વખતે સંસ્થા સમગ્ર સુવિધા વિદ્યાર્થીઓ માટે ઉભી કરવામાં આવી હતી જ્યારે સંપૂર્ણ સુરક્ષા વચ્ચે ભૂલકાઓએ હવામાં ઉડાન ભરી હતી.

## વિજયનગરના ચામઠણ ગામમાં નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાશે

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા અંધત્વ નિયત્રંણ કાર્યક્રમ હેઠળ અંધજન મંડળ સંચાલિત નવલભાઈ અને હિરાબા આંખની હોસ્પિટલ, બારેજા,સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ, ઉદય સેવા સંસ્થાન, ભિલોડા ધ્વારા આયોજીત નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાશે. વિજયનગર તાલુકાના ચામઠણ ગામમાં શ્રી અંબિકા માતાજી મંદિર પાસે ચામઠણ ગ્રામ પંચાયતમાં તા.૨૦/૧૨/૨૦૧૯ ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૧૨ દરમ્યાન નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાશે તેમ ઉદય સેવા સંસ્થાન, ભિલોડા જીતેન્દ્ર સી. ભાટીયા, એડવોકેટ, રોહિત પટેલે જણાવ્યું હતું.

# હિંમતનગરનો મહેતાપુરા અને બ્રહ્માણીનગર નિશાચરો માટે સ્વર્ગ સમાન

**૧૫ દિવસમાં ૫૦ થી વધુ ચોરી થઈ હોવા છતાં પોલીસ ફરીયાદ લેતી ન હોવાનો આક્ષેપ : રવિવારે રાત્રે પોલીસ પોઈન્ટ પાસેની દુકાનમાંથી ૩૦ હજારની બેટરી ચોરાઈ**

હિંમતનગર, તા. ૧૭
જિલ્લાના વિવિધ સ્થળે ચોરી અને લૂંટફાટની ઘટનાઓ વધી રહી હોવાને કારણે પ્રજા ભયભીત બની ગઈ છે. દરમ્યાન રાત્રે ચોરી કરતી એક ગેંગ છેલ્લા કેટલાક સમયથી સક્રિય બની છે. અને આ ગેંગે ખાસ કરીને પોલીસ અને ઉચ્ચ અધિકારીઓના નવિાસસ્થાન આવેલા છે તેવા મહેતાપુરા અને બ્રહ્માણીનગરને લક્ષ બનાવી વિવિધ ચોરીઓને અંજામ આપી રહી છે. તેમ છતાં પોલીસતંત્ર ફક્ત જાણવાજોગ અરજી લઈને રહીશોને કાઢી મુકે છે. દરમ્યાન રવિવારે રાત્રે મહેતાપુરાના એન.જી. સર્કલ પાસે આવેલ એક બેટરીની દુકાનમાંથી અજાણ્યા શખ્સો રૂ. ૩૦ હજારની બેટરીઓની ચોરી કરીને લઈ ગયા હોવા છતાં પોલીસ ચોપડે કોઈ ફરીયાદ નોંધાઈ નથી.

આ અંગે આધારભુત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ છેલ્લા કેટલાક દિવસોથી હિંમતનગરના મહેતાપુરા, બ્રહ્માણીનગર, આરટીઓ સર્કલ સહીતના અન્ય વિસ્તારોમાં એક ટોળકીએ સક્રિય થઈને ખાસ કરીને વાહનોમાં વપરાતી બેટરીઓ ચોરવા માટે દિવસે રેકી કરીને રાત્રે હોવા વાહનોમાંથી બેટરીની ચોરી કરી લઈ જાય છે. ઉપરાછાપરી બેટરીની ચોરીના વધી રહેલા બનાવો બાદ ભોગ બનનાર લોકોએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જઈ ફરીયાદ આપવાનો પ્રયાસ કર્યો હોવા છતાં પોલીસે ફક્ત જાણવા જોગ નોંધ કરીને ફરીયાદ દાખલ કરવાનું ટાળવામાં આવી રહ્યું છે.

દરમ્યાન રવિવારે રાત્રે એન.જી. સર્કલ પાસે આવેલ તાલુકા પંચાયતના સદસ્ય અને વાહનની બેટરીના વિક્રેતા રવિન્દ્રસિંહ ચાવડાની ઓફિસમાંથી અજાણ્યા શખ્સો તાળુ તોડી અંદર પ્રવેશ કરી રૂ. ૩૦ હજારની કિંમતની ૫ થી વધુ બેટરીઓની ચોરી કરીને લઈ ગયા હતા. ત્યારબાદ તેમણે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જઈને જાણ કરતા પોલીસે ફક્ત તેમની પાસેથી અરજી લઈ તપાસ કરીશુ તેવુ આશ્વાસન આપીને રવાના કરી દીધા હતા. બીજી તરફ આ વિસ્તારમાં ચોરીઓનો સીલસીલો વધી રહ્યો હોવાને કારણે આ વિસ્તારના લોકોએ તાલુકા સદસ્યને રજુઆત કર્યા બાદ ૫૦ થી વધુ લોકો મંગળવારે જિલ્લા પોલીસવડાને આવેદનપત્ર આપશે.



## પાલનપુરમાં હિન્દૂ સમાજ દ્વારા નાગરિકતા સંશોધન બિલના સમર્થનમાં રેલી યોજી આવેદનપત્ર

ભારતીય સાંસદ માં બંધારણ ના રક્ષણ અને સંવર્ધન કરવાની સાથે પડતર પડતર વિવિધ ખરડાઓ ને લોકસભા અને રાજ્યસભા માં પસાર કરી ને ભારતદેશને અખંડ અને વિકસિત રાષ્ટ્ર બનવવા બદલ રાષ્ટ્રપ્રમુખ ને અભિનંદન આપતો પત્ર નિવાસી અધિક કલેકટર ને અર્પણ કરવા માં આવ્યો હતો આજે જિલ્લા મથક પાલનપુરમાં હિન્દૂ સમાજ દ્વારા વિશાલ રેલી યોજી હતી નાગરિકતા સંશોધન બિલના સમર્થન માં મોટી જનમેદની સાથે હિન્દૂ સમાજ ના લોકો ઉમટી પડ્યા હતા ભારતીય સાંસદ માં ભાજપ સરકાર દ્વારા ટૂંકાગાળામાં આર્ટિકલ૩૭૦, ૩૫-એ, તેમજ નાગરિકતા સંસોધન બીલ જેવા ખરડા નાગરીકો ના હિત માં લોકસભા અને રાજ્યસભાના બન્ને ગૃહ માં ત્વરીત પાસ કરીને ભારતીય બંધારણ ની રક્ષણ અને સંવર્ધન કરવા બદલ હિન્દૂ સમાજ સંગઠન દ્વારા જિલ્લા મથક પાલનપુર ખાતે નિવાસી અધિક કલેકટર એલ બી બાભણીયા રાષ્ટ્રપ્રમુખને સંબોધી આભાર પત્ર અર્પણ કરવામાં આવ્યો હતો.

# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં આરોગ્ય સેવા ઠપ્પ

ગત ફેબ્રુઆરી-૨૦૧૮ દરમિયાન આરોગ્ય કર્મચારીઓએ ૧૩ દિવસની હડતાલ રાખી હતી, ત્યારે તત્કાલીન આરોગ્ય મંત્રીએ



કેડર બેઈઝ વિસંગતતા દૂર કરવાની ખાત્રી આપી હતી. પરંતુ આજે ૧૦ મહિના પછી પણ આરોગ્ય કર્મચારીઓના પ્રશ્નનો ઉકેલ આપવામાં આવ્યો નથી. વારંવાર આરોગ્ય કર્મચારીઓની પડતર માંગણીઓનો ઉકેલ ન આવતા રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘના વડપણ હેઠળ તા. ૧૭થી અચોક્કસ મુદતની હડતાલનું બ્યુગલ ફૂંકતા અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના ૧૦૦૦ જેટલા કર્મચારીઓ હડતાલમાં જોડાતા. ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્યલક્ષી સેવાઓ ઠપ્પ થતા પ્રજાજનોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ ધ્વારા મેઘરજ તાલુકા હેલ્થ કચેરી આગળ તાલુકાના તમામ આરૌગ્ય કર્મચારીઓ એકત્રીત થઈ પોતાના ૧૩ જેટલા પડતર પ્રશ્નોનુ નીરાકરણ ન આવતા ફરી એકવાર તમામ કાર્યકરો જલદ આંદોલન નામ આપી ફરી એકવાર ગાધી ચીંધ્યા માર્ગે અચોક્કસ મુદતની હડતાલ પર ઉતર્યા છે. ત્યારે તાલુકાના આરોગ્યકર્મી તાલુકાની હેલ્થ કચેરી આગળ "અભી નહી તો કભી નહી"ના સુત્રોચાર કરી તાલુકા હેલ્થ ઓફીસરને પોતાના ૧૩ જેટલા પ્રશ્નોને લઈને આવેદનપત્ર આપવામા આવ્યુ હતુ. બીજી બાજુ તાલુકાના આરોગ્ય કર્મચારી હડતાલ પર ઉતરતા તમામ કચેરીઓ સુમસામ જોવા મળી હતી. આરોગ્ય કર્મચારીઓની હડતાલના પગલે રસીકરણ, શાળા આરોગ્ય તપાસણી, રોગચાળા સર્વે, મિશન ઈન્દ્રધનુષ, આયુષ્માન ભારત જેવી સેવાઓ અને કાર્યક્રમો ઠપ્પ થતા આરોગ્ય સેવાઓને ગંભીર અસર પહોંચવાની સંભાવનાઓ પેદા થઈ છે.

# પોશીના તાલુકા પંચાયતની બે બેઠકો બિનહરીફ થતા ચૂંટણી ટળી

હિંમતનગર, તા. ૧૭
પોશીના તાલુકા પંચાયતની બે બેઠક પરથી ચૂંટાયેલા સદસ્યોની બેઠક ખાલી પડતા તેના માટે જિલ્લા ચૂંટણી શાખા દ્વારા પેટાચૂંટણીનું ડિસેમ્બર માસમાં જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું હતું. જેમાં તા. ૨૯ ડિસેમ્બરે ચૂંટણી યોજવાની હતી. પરંતુ આ વિસ્તારના અગ્રણીઓની કોઠાસુઝ અને સમજાવટ બાદ મંગળવારે ઉમેદવારીપત્રો પરત ખેંચવાની મુદત પૂર્ણ થતા આ બંને બેઠક પર સર્વ સંમતિ સધાયા બાદ તે બિનહરીફ થઈ છે અને ચૂંટણી પણ ટળી છે.

આ અંગેની વિગત એવી છે કે પોશીના તાલુકા પંચાયતની સેબલીયા અને ગણેર બેઠક ખાલી પડ્યા બાદ ગત તા. ૨ ડિસેમ્બરના રોજ પેટાચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતુ. જેમાં તા. ૧૭ ડિસેમ્બરના રોજ ઉમેદવારીપત્ર પરત ખેંચવાની અંતિમ મુદત હતી. જેમાં કોંગ્રેસ અને ભાજપના અગ્રણીઓએ વિચારવિમર્શ કરીને આ બંને બેઠકો પર ચૂંટણીને લીધે કોઈ વેરઝેર અથવા તો મતભેદ કે મનદુઃખ ન થાય તે માટે સર્વ સંમતિ સધાઈ હતી. ત્યારબાદ સેબલીયા બેઠક પરથી ભાજપના વિક્રમભાઈ મોહનભાઈ ગમાર જ્યારે ગણેર બેઠક માટે હિરાભાઈ જુમાભાઈ ગમારને સર્વસંમતિથી બિનહરીફ જાહેર કરાયા હતા. જેને લીધે આગામી તા. ૨૯ ડિસેમ્બરે યોજાનાર ચૂંટણી થશે નહિ.

## આડાહાથરોલમાં કારે બાઈકને ટક્કર મારતા એકનું મોત : બેને ઈજા

હિંમતનગર તાલુકાના આડાહાથરોલ ગામેથી બે દિવસ અગાઉ પસાર થઈ રહેલા એક કારના ચાલકે કારને ગફલતભરી રીતે રોંગસાઈડ હંકારીને અહીંથી પસાર થઈ રહેલ બાઈકને ટક્કર મારતા બાઈકચાલકનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યુ હતુ તથા બાઈક પાછળ બેઠેલ બે ઈસમોને ઈજા થઈ હતી. જે અંગેની ફરીયાદ સોમવારે ગાંભોઈ પોલીસસ્ટેશનમાં નોંધાવા પામી હતી. ભિલોડા તાલુકાના પહાડીયા ગામના લક્ષ્મણભાઈ નાનજીભાઈ ડોડીયારે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૧૪ ડિસેમ્બરના રોજ આડાહાથરોલ ગામના બસસ્ટેન્ડ નજીકથી જઈ રહેલા કાર નં. જીજે-૧૮-બીકે-૫૫૮૬ના ચાલકે પોતાની કારને ગફલતભરી રીતે રોંગસાઈડ હંકારીને અહીંથી પસાર થતા લક્ષ્મણભાઈ ડોડીયારના દિકરા સતિષકુમારની બાઈક નં. જીજે-૩૧-સી-૮૨૮૬ને સામેથી ટક્કર મારી હતી. જેથી બાઈક ચલાવી રહેલા સતિષભાઈ ડોડીયારનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું.